### –:: આંક–૧ હેઠળ હુકમ ::–

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી, રેકર્ડ ધ્યાને લીધું. હાલની ફરીયાદ **વર્ષ:૨૦૨૧**માં દાખલ કરેલ છે. ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી નોંધપાત્ર રીતે આગળ વધેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ અન અટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાનાં કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઇએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે. રેકર્ડ આધારે જોતાં હાલનો કેસ ખૂબ જ જુનો ટાર્ગેટિડ કેસ છે. નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ વખતો–વખત સુચના આપી આવા જૂના ટાર્ગેટિડ કેસોનો ઝડપી નિકાલ કરવા જણાવેલ છે. હાથ ઉપરનો કેસ **વર્ષ:૨૦૨૧**નો એટેલે કે ટાર્ગેટિડ કેસ છે અને સદર કેસમાં કોઈ જ આગળની કાર્યવાહી જણાઈ આવતી નથી. સદર કેસના ફરીયાદીના વિ.વકીલશ્રી હાજર છે પરંતુ આગળની કાર્યવાહી વધારવા કોઈ જ સક્રિયતા દાખવેલ નથી તેમજ આજરોજ પણ ફરીયાદી હાજર નથી.

**ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હોઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦** ના ચુકાદામાં નામ. ગુજરાત રાજ્યની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસેસની બજવણી સંબંધે તેમજ ફરીયાદીની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા સંબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

### :: આખરી હુકમ ::

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડિફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા: ૦૫/૦૫/૨૦૨૬ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ:અમદાવાદ
તારીખ: ૦૫/૦૫/૨૦૨૬

**(કે.એમ.વ્યાસ)**
૨૮માં એડી.ચીફ. જ્યુ. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૫૦, અમદાવાદ શહેર,
કોડ નં. જી.જે. ૦૧૨૦૧.